# ધાનેરામાં બંદૂકની અણીએ ૮૦ લાખની લૂંટ ચલાવનાર આરોપીને એલસીબી ટીમે ઝડપી પાડ્યો

## આરોપીઓ પાસેથી પોલીસે બે રિવોલ્વર અને ત્રણ લાખ રોકડાનો મુદ્દામાલ જપ્તકરી આગળની તપાસ હાથ ધરી

ધાનેરા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના રવિ ગામની સીમમાં રૂપિયા ૮૦ લાખની લૂંટ ચલાવી આરોપી ફરાર થઈ જતા આજે બનાસકાંઠા જિલ્લાની એલસીબી પોલીસની ટીમે બે રિવોલ્વર સાથે બે આરોપી ઝડપી પાડ્યા છે અને આરોપી પાસેથી ૩ લાખની રોડ રકમ પણ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

કેમેરાની સામે ઉભેલા યુવકોના નામ છે પંકજભાઈ શંકરલાલ પટેલ રહે. વસ્તુ બંગલો વિસનગર અને સુખદેવસિંગ ઝલમસિંગ ઝાલા રહે. કોચડી તા. બેચરાજી જિલ્લો મહેસાણા તેમને ચલાવી છે બનાસકાંઠા જિલ્લામાં બંદૂકની અણીએ રૂપિયા ૮૦ લાખની લૂંટ.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના બાપલા બનાસબેંકના કર્મચારીઓ ધાનેરાથી પૈસા લઈ બાપલા જઈ રહ્યા હતા તે સમયે તા. ૧૧ના રવિ ગામની સીમમાં કોઈ અજાણ્યા ઈસમો અર્ટીગા ગાડી લઈ આવેલા અને આ કર્મચારીઓને તમંચો બતાવી મુઢ માર મારી રૂપિયા ૮૦ લાખની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા તે બાબતે ધાનેરા પોલીસમથકે ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી અને ધાનેરા પોલીસ સહીત જિલ્લાની પોલીસ આ આરોપીઓને પકડવાના કામે લાગી ગઈ હતી. બનાસકાંઠા જિલ્લાની એલસીબી પોલીસની ટીમે મોડી રાત્રે લૂંટ ચલાવી ફરાર થઈ જનાર બે આરોપીને પાલનપુર શહેરમાંથી ઝડપી પાડ્યા હતા અને આ આરોપીની તલાસી લેતા આરોપીઓ પાસેથી બે રિવોલ્વર મળી આવી હતી અને ત્રણ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. અત્યારે બનાસકાંઠા જિલ્લાની એલસીબી પોલીસે બે રિવોલ્વર, ત્રણ લાખ રોકડા સહીત બે આરોપીને ઝડપી આગળની તપાસ હાથ ધરી છે. અત્યારે તો જિલ્લાની એલસીબી ટીમે મુદ્દામાલ સાથે બે આરોપી ઝડપી પાડ્યા છે પરંતુ આ લૂંટમાં અન્ય કેટલાક આરોપી હજુ પોલીસ પકડની બહાર છે તેને પકડવા માટે જિલ્લાની પોલીસે કમર કસી છે.




## પ્રાંતિજમાં વિવેકાનંદ જયંતિની ઉજવણી

પ્રાંતિજ, તા. ૧૨

પ્રાંતિજ ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ઉજવણી પ્રાંતિજ વિશ્વ હિન્દુ પરીષદ દ્વારા કરવામાં આવી.

પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન પાસે આવેલા સ્વામી વિવેકાનંદ કોમ્પલેક્ષ ખાતે આવેલા સ્વામી વિવેકાનંદની પ્રતિમાને વિશ્વ હિન્દુ પરિષદ પ્રચંડ તથા બજરંગદળના સંયમ સેવકો દ્વારા સ્વામીજી નીચે પ્રતિમાને સફાઈ કરી પુષ્પોની માળા પહેરાવવામાં આવી હતી. જોકે કોઈ રાજકીય નેતા જોવા મળ્યા ન હતા.



વર્તમાન ભાજપ સરકારના શાસનકાળમાં દેશવાસીઓને મોંઘવારીના એક પછી એક ભાર આપવામાં આવી રહ્યા છે. અને ગરીબ અને મધ્યમવર્ગના લોકો માટે જીવન દુર્ગમ સમાન બની રહ્યું હોવાની લાગણી સાથે મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ ડાહ્યાભાઈ પટેલની આગેવાનીમાં મોડાસા તાલુકા મામલતદારને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સરકારે તાજેતરમાં પેટ્રોલ ડિઝલમાં વેટ અને શેષના દર વધાર્યો છે. તેને પરત ખેંચવા માંગ કરવામાં આવી છે. મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા મોંઘવારીનો ભાર ઝીલી રહેલી પ્રજા અને તેના પ્રશ્નોને વાચા આપવા આગામી દિવસોમાં આશ્ચર્યજનક કાર્યક્રમો આપવાની પણ તૈયારીઓ આરંભી દેવાઈ હોવાનું કોંગ્રેસના નેતાઓએ જણાવ્યું હતું.

# ઝેરડાથી નેનાવા સુધી બની રહેલા ડામર રોડમાં હલકી ગુણવત્તાવાળુ કામ થતુ હોવાની ગ્રામજનોની રાવ

## રોડ બન્યા બાદ કલાકમાં જ રોડ તુટવા લાગ્યો : સરકારના કરોડો રૂપિયા પાણીમાં જાય તો નવાઈ નહિ : સરકાર જાગે અને સરકારના કરોડો રૂપિયા પાણીમાં જતા અટકાવે

ધાનેરા, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના ઝેરડાથી નેનાવા સુધી ડામર રોડ બનાવવામાં હલકી ગુણવત્તાવાળુ કામ થતું હોવાની બુમારાડ ઉઠવા પામી છે. જો સાચેજ કામ હલકી ગુણવત્તાવાળુ થતું હોય તો સરકાર તાત્કાલિક ધોરણે આ કામ બંધ કરાવવું જોઈએ.

બનાસકાંઠા જિલ્લામાં સરકાર વર્ષોથી લોકોને સપના બતાવી રહી છે કે ઝેરડાથી લઈ નેનાવા સુધી ફોર લાઈન રોડ બનાવવામાં આવશે અને તેને કારણે લોકો પણ સારા રોડની કાગડોળે રાહ જોઈને બેઠા છે ત્યારે હવે સરકાર દ્વારા આ રોડનું કામ ચાલુ કરવામાં આવ્યું છે ત્યારે ફોર લાઈનના બદલે જે રોડ છે તેના પર જ રોડ બનાવવામાં આવી રહ્યો છે. આટલુ જ નહિ પણ આપ કેમેરાની સામે જોઈ શકો છો કે આ કામ કેટલી ગુણવત્તાવાળુ છે. આગળ-આગળ કામ ચાલુ છે તો બીજી તરફ રોડ બન્યા ને ફક્ત કલાકનો સમય પણ નથી થયો ને આ રોડ તુટવા લાગ્યો છે તો આ રોડ કેટલો સમય ચાલશે તે એક પ્રશ્ન ઉભો થયો છે લોકો ડરના માર્યા કેમેરા સામે આવતા ડરે છે પણ લોકો જણાવી રહ્યા છે કે આના કરતા તો જે જુનો રોડ હતો તે સારો હતો અને બીજુ એ પણ જણાવ્યું હતું કે સરકાર ફક્ત કોન્ટ્રાક્ટ આપવામાં જ સમજે છે પછી ક્યારે કામ જોતી નથી ભલે કામ સારૂ થાય કે પછી હલકી ગુણવત્તાવાળુ થાય ત્યારે હવે સરકારે જાગવાની જરૂર છે. કરોડો રૂપિયાનો રોડ હલકો બની રહ્યો છે અને સરકાર કરોડો રૂપિયાનું નુકશાન થઈ રહ્યું છે તે અટકાવે હવે જોવાનું એ રહે છે કે સરકાર આ બાબતે શું પગલા ભરે છે તે તો આવનારો સમય જ બતાવશે.



## જોધપુર ગામે બંધ મકાનમાંથી ૬૫ હજારની ચોરી

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના જોધપુર ગામમાં બંધ મકાનમાં અજાણ્યા તસ્કરો ત્રાટક્યા હતા. રૂા.૬૫,૦૦૦/- ના માલમત્તાની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ.ના જણાવ્યા મુજબ જોધપુર ગામના અમૃતલાલ રત્નાજી ગામેતીના બંધ મકાનમાં મધ્યરાત્રે અજાણ્યા તસ્કરોએ બંધ મકાનના દરવાજાના તાળા તોડી મકાનમાં પ્રવેશ કરી તિજોરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને સાડી નંગ-૧૫ કુલ મુદ્દામાલની કિંમત રૂા.૬૫,૦૦૦/-ની ચોરી કરી અજાણ્યા તસ્કરો પલાયન થઈ જતાં અમૃતલાલ રત્નાજી ગામેતીએ ચોરીના બનાવ સંદર્ભે ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે કાર્યવાહી હાથ ધરેલ છે.

## કિશનગઢ ગામે પરિણીતાએ સાસરીયાના ત્રાસથી ગળે ફાંસો ખાધો

ભિલોડા,તા.૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના કિશનગઢ ગામમાં પરણીત મહિલાએ સાસરીયાઓના ત્રાસથી ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવતાં ચકચાર મચી જવા પામી છે. ભિલોડા પોલીસ સ્ટેશનના આધારભુત સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ કિશનગઢ ગામની કાંતીભાઈ જેશાભાઈ મેણાતની પુત્રી હેતલબેન પ્રકાશભાઈ લટાના સાસરીયાઓ ધ્વારા શારીરીક, માનસિક ત્રાસ આપતા હોવાના કારણે પરણીત મહિલા હેતલબેન પ્રકાશભાઈ લટાએ તેના પીયરમાં સીલીંગ ફેન ઉપર દુપટ્ટો બાંધી ગળે ફાંસો ખાઈ લેતાં ચકચાર મચી જવા પામી છે. કિશનગઢ ગામના કાંતીભાઈ જેશાભાઈ મેણાતએ પ્રકાશભાઈ મગનભાઈ લટા, મગનભાઈ નાનજીભાઈ લટા, બચુબેન મગનભાઈ લટા પરણીતાના સાસરીયાઓ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે કાર્યાવાહી હાથ ધરેલ છે.

## પાલનપુરમાં વિકાસ પ્રક્રિયામાં મિડીયાનું યોગદાન વિષયક સેમિનાર યોજાયો

પાલનપુર, તા. ૧૨

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે માહિતી ખાતુ ગુજરાત રાજ્ય ગાંધીનગર અને સચિવ ગુજરાત પ્રેસ અકાદમી, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે તથા જિલ્લા માહિતી કચેરી, પાલનપુરના સહયોગથી વિકાસ પ્રક્રિયામાં મિડીયાનું યોગદાન વિષય ઉપર સેમિનાર યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે અધ્યક્ષસ્થાનેથી બોલતા સાહિત્યકાર અને લેખક કનુભાઈ આચાર્યએ જણાવ્યું હતું કે બનાસકાંઠામાં થયેલ મિડીયાનો વિકાસ ગૌરવ લેવા જેવી બાબત છે. તેમણે કહ્યું કે બનાસકાંઠા જિલ્લાનો પત્રકારત્વની શરૂઆત થઈ રહી હતી ત્યારે ઈ.સ. ૧૮૫૩માં શ્રી કરશનદાસ મુળજી નામના પત્રકારશ્રીએ ડીસા મુકામેથી સત્યાર્થ પ્રકાશ નામનું અખબાર પ્રસિદ્ધ કર્યુ હતું. તેમણે કહ્યું કે લોકશાહીના ચાર મજબુત પાયામાં મિડીયાનો પણ સમાવેશ થાય છે એટલે જ મિડીયાને ચોથી જાગીર કહેવામાં આવે છે.

# ધાનેરાની હોટલ શિવ પેલેસમાંથી યુવકનો મૃતદેહ મળ્યો : ઘુટાતું રહસ્ય

## યુવકે આત્મહત્યા કરી કે પછી હત્યા લોકોમાં ઘુંટાતુ રહસ્ય : મૃત્યુ પામનાર યુવક અને યુવતી ત્રણ દિવસથી હોટલમાં હતા : યુવતીના આઈડી પ્રુફ કેમ હોટલ સ્ટાફે ન લીધા : લોકોમાં ચર્ચાતો સવાલ

ધાનેરા, તા. ૧૨

બનાસકાંઠાના ધાનેરા ખાતે આવેલી હોટલ શિવ પેલેસમાંથી યુવકની લાશ મળતા ધાનેરામાં ચકચાર મચી જવા પામી હતી તો બીજી તરફ ધાનેરાના લોકો પ્રશ્ન કરી રહ્યા છે કે આજ હોટલમાંથી લાશ કેમ મળે છે. થોડા સમય અગાઉ હોટલ માલિકના પુત્રની પણ લાશ હોટલમાંથી મળી આવી હતી... શું આ હોટલમાં કોઈ હત્યા તો નથી કરતુ ને... અત્યારે ધાનેરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે પરંતુ યુવકના મોતનું સાચુ કારણ તો પોલીસ તપાસ બાદ જ બહાર આવશે.

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં આવેલી છે હોટલ શિવ પેલેસ કે જ્યાં થોડા સમય પહેલા હોટલના માલિકના પુત્રની લાશ હોટલમાંથી જ મળી આવી હતી. હજુ આ વાતની શાહી પણ નથી સુકાઈ અને આજે ફરી આજ હોટલમાંથી યુવકની લાશ મળતા ધાનેરામાં ચકચાર મચી જવા પામી છે. જાણવા મળતી માહિતી અનુસાર થરાદ તાલુકાના થરા ગામનો ૩૦ વર્ષીય જીતુભાઈ બાબુલાલ દવે જેની હોટલમાં બે ભાન હાલતમાં લોકો દ્વારા ધાનેરા ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ત્યેર ૧૦૮ના પાયલોટ હરેશ દવે અને ઈએમટી ભગવાનભાઈ એસ. દેસાઈ તાત્કાલિક ઘટનાસ્થળે જઈ જોયું તો યુવક મોતને ભેટ્યો હતો. યુવકની લાશને પીએમ અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ઘટનાની જાણ હોટલના સ્ટાફને થતા હોટલના સ્ટાફ દ્વારા પોતાના માલિકને જાણ કરવામાં આવી હતી.

તો બીજી તરફ હોટલના સ્ટાફને પુછતા હોટલનો સ્ટાફ જણાવી રહ્યો છે કે આ યુવક તા. ૯ના રોજ એક યુવતી સાથે આવ્યો હતો અને ૯ તારીખથી આજ દિવસ સુધી આ હોટલમાં જ હતો તો યુવક સાથે આવેલ યુવતી કોણ હતી તે બાબતે પુછાતા હોટલના સ્ટાફ પાસે યુવત અંગે કોઈ જ માહિતી નથી. યુવતીનું આઈડી પ્રુફ પણ હોટલમાલિક દ્વારા લેવામાં આવ્યું ના હતુ. કોણ હતી આ યુવતી યુવક અને યુવતી છેલ્લા ત્રણ દિવસથી આ હોટલમાં હતા તો હોટલ માલિક દ્વારા પોલીસને જાણ કેમ ન કરી તેવા અનેક સવાલો ઉઠવા પામ્યા હતા.





## પાલનપુર ખાતે સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ભવ્ય ઉજવણી

યુગ પુરુષ સ્વામી વિવેકાનંદની આજે ભારત ભરમાં ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે દિલ્હી ગેટ સ્વામી વિવેકાનંદ ચોકમાં પ્રસ્થાપિત સ્વામી વિવેકાનંદની પ્રતિમાને શણગારી પુષ્પ માળાઓ અર્પણ કરી સ્વામી વિવેકાનંદ અમર રહો, ભારત માતા કી જય ના જય ઘોષ સાથે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોશી (સ્વામી વિવેકાનંદ કેન્દ્ર બનાસકાંઠા પ્રમુખ) સાથે પાલનપુર નગરપાલિકા પ્રમુખ નીલમબેન જાની, પૂર્વ ધારાસભ્ય કાન્તીભાઈ કચોરીયા, પૂર્વ પ્રમુખ હસમુખ પઢીયાર, ડૉ. દજાભાઈ પટેલ, નગીનદાસ મોદી, કરનજી વાઘેલા, ગૌરાંગ પાધ્યા, મેહુલ ગઢવી, દેવેન્દ્ર રાવલ સહીત સ્વામી વિવેકાનંદના આદર્શોને જીવનમાં ઉતારવાનો સૌએ સંકલ્પ કર્યો હતો. દિવસભર દેશભક્તિના ગીતોનું પ્રસારણ કરાયું હતું. રોશનીથી સ્વામી વિવેકાનંદની પ્રતિમાને શણગારાઈ હતી.

# આજે મોઢેરા ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

મહેસાણા, તા. ૧૧

મહેસાણા જિલ્લાના મોઢેરા ખાતે બુધવારે દિવા ભગતના ટેબો ચાણસ્મા રોડ ખાતે ૧૩ જાન્યુઆરી-૨૦૧૬ને બુધવારના રોજ સવારે ૯.૦૦ કલાકે સાંસદ જયશ્રીબહેન પટેલ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ખુલ્લો મુકનાર છે. મોઢેરા ખાતે યોજાનાર આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૩૧ પતંગબાજો પતંગ ઉડાડી કરતબ રજુ કરનાર છે. જેમાં મલેશિયાના સાત, નેધરલેન્ડના ત્રણ, તુર્કીના ચાર અને કુરકાઓના બે તેમજ કેરાલા રાજયના ૧૫ પતંગબાજો આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ભાગ લેનાર છે.

આ પતંગ મહોત્સવમાં મલેશિયા દેશના શ્રી લીમ કોક ટીઓન્ગ, શ્રી છે યા છુ, શ્રી તન મીન્ગ કીઓન્ગ, શ્રી બીન અહમદ નાસરી, શ્રી મોહદ બોહરી બીન કીપલી, શ્રી હરીસ ઝુલ્કીફલી અને શ્રી મોહદ નુર અઝેમી બીન એરીફઈન મોઢેરા ખાતે આવનાર છે. આ ઉપરાંત નેધરલેન્ડ દેશના શ્રી નાઈન્કે વાન હીએને, શ્રી જાન હેન્ડ્રીક ગ્રુટેરીન્ક, શ્રી મરટીનસ એલોસીયસ એમ વાન હીએનેન ઉપસ્થિત રહેનાર છે. તુર્કી દેશના શ્રી અબ્દુલાહ કુસ, શ્રી ફેરુહ બાયસુ, શ્રી રીસેપ ઈરહાન તુફેકલીગ્લુ, શ્રી કીર ફેવજી પતંગ મહોત્સવમાં ભાગ લેનાર છે.



ભારતને સ્વચ્છ બનાવવા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. વડાપ્રધાન દ્વારા શહેરો અને ગામડાઓને સ્વચ્છ રાખવા માટે લોકો સ્વચ્છતા અભિયાનમાં જોડાય તે માટે અપીલ પણ કરવામાં આવી રહી છે. ત્યારે મોડાસા નગરપાલિકાના વોર્ડ નં. ૩માં વિશેષ સફાઈ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આ વોર્ડના કોર્પોરેટર આશિષભાઈ જયસ્વાલ અને ટીમે વોર્ડના જુદા જુદા વિસ્તારોમાં સફાઈ અભિયાન હાથ ધરાવડાવ્યું છે. જેમાં કાઉન્સીલરે પણ જાતે ઝાડુ પકડી સફાઈ કરી હતી અને લોકોને સ્વચ્છતા જાળવવા અપીલ કરી હતી.